પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૪ | ૨૫ ડીસેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્રિટનમાં કોરોનાના વધુ એક સ્ટ્રેનની એન્ટ્રી

### સરકારના માથે આભ તૂટી પડ્યું : બ્રિટનના વૈજ્ઞાનિક દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડમાં પ્રયોગશાળામાં કોરોના વાયરસના નવા સ્વરૂપની તપાસ કરી રહ્યાં છે




લંડન,તા.૨૪

બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી મેટ હેક્રોકે જણાવ્યું કે દક્ષિણ આફ્રીકામાં સામે આવેલા કોવિડ-૧૯ના નવા સ્વરૂપના પણ બ્રિટનમાં બે કેસ મળી આવ્યા છે. બ્રિટનમાં કોરોના વાયરસનું જે રીતે નવું સ્વરૂપ મળી આવ્યું છે તે જ રીતે દક્ષિણ આફ્રીકામાં પણ વાયરસના અલગ પ્રકારની જાણકારી મળી છે. વિશેષજ્ઞોએ ચેતવ્યા છે કે વાયરસના આ નવા સ્વરૂપના કારણે દેશ સંક્રમણની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે. હેક્રોકે પત્રકાર પરિષદમાં કહ્યું કે નવા સ્વરૂપના બે કેસમાં લોકો છેલ્લા કેટલાક અઠવાડિયામાં દક્ષિણ આફ્રીકાથી મુસાફરી કરીને પાછા ફરેલા લોકોના સંપર્કમાં આવેલા હતા. તેમણે કહ્યું કે કોરોના વાયરસનું નવું સ્વરૂપ સામે આવવું એ ખુબ ચિંતાજનક છે. કારણ કે તે ખુબ જ ઝડપથી ચેપ ફેલાવે છે અને એવું લાગે છે કે બ્રિટનમાં મળી આવેલા નવા સ્વરૂપ ઉપરાંત પણ વાયરસમાં ફેરફાર થયો છે. મંત્રીએ દક્ષિણ આફ્રીકા મુસાફરી કરવા પર તરત પ્રતિબંધ લગાવવા અંગે પુષ્ટિ કરતા કહ્યું કે છેલ્લા એક પખવાડિયામાં દક્ષિણ આફ્રીકાથી

● અનુસંધાન પાન-૭ પર

# બંગાળમાં કોંગ્રેસ-ડાબેરીઓ સાથે ચૂંટણી લડશે

### કોંગ્રેસ હાઇકમાન્ડે લેફ્ટ પાર્ટીઓની સાથે ચૂંટણી ગઠબંધનને ઔપચારિક મંજૂરી આપી હોવાની જાહેરાત

**જોઈએ છે**

ચાલુ પ્રોફીટવાળા ધંધામાં રોકાણ કરી શકે તેવા રોકાણકારની જરૂર છે.

સંપર્ક કરો
મો. ૯૨૬૫૨૬૫૬૪૩

કોલકાતા, તા. ૨૪

આવતા વર્ષે થનારા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને લેફ્ટ એક સાથે ચૂંટણી લડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળ યૂનિટના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ ગુરૂવારના આ વાતની જાહેરાત કરી. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, આજે કોંગ્રેસ હાઈકમાન્ડે પશ્ચિમ બંગાળની વિધાનસભામાં લેફ્ટ પાર્ટીઓની સાથે ચૂંટણી ગઠબંધનને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે. બંગાળમાં ૨૦૨૧ વિધાનસભા ચૂંટણીને લઈને ગત દિવસોમાં પશ્ચિમ બંગાળ કોંગ્રેસ અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ કહ્યું હતુ કે બંગાળમાં મમતા બેનર્જી અને બીજેપી બંનેને રોકવા માટે લેફ્ટ અને કોંગ્રેસમાં ગઠબંધન થવું જ જોઈએ. આવામાં ગુરૂવારના કોંગ્રેસ હાઈકમાન્ડે લેફ્ટ પાર્ટીઓની સાથે ચૂંટણી ગઠબંધનને ઔપચારિક મંજૂરી આપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરી જ પાર્ટીના અધ્યક્ષ હતા, જ્યારે વર્ષ ૨૦૧૬માં લેફ્ટ અને કોંગ્રેસે એક સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડી હતી. જો કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ઘણા પ્રયત્નો છતા બંને દળોની વચ્ચે ગઠબંધન નહોતુ થઈ શક્યું. ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરીએ બુધવારના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર સખ્ત પ્રહારો કર્યા હતા. અધીર રંજને કહ્યું હતુ કે, જે બીજેપીને બંગાળમાં કોઈ ઓળખતુ પણ નહોતુ, મમતા ખુદ ૧૯૯૯માં તેને બંગાળ લઈને આવી અને ગઠબંધન કર્યું. તેમણે કહ્યું કે મમતા ખુદ પોતાના કર્મોની સજા ભોગવી રહી છે. સિયાલદહના રામલીલા મેદાનમાં કોંગ્રેસની એક સભાને સંબોધિત કરતા અધીરે રાજ્યમાં ભાજપના મજબૂત થવા માટે સ્પષ્ટ રીતે મમતાને જવાબદાર ગણાવી અને કહ્યું કે તેમણે જનતાની માફી માંગવી જોઈએ.

# રાષ્ટ્પતિ ભવન કૂચ કરી જતાં કોંગ્રેસી અગ્રણીઓની અટકાયત

### કોંગ્રેસના સાંસદોની સાથે રાહલ ખેડૂત આંદોલનનો ઉકેલ લાવવાની માગણી સાથે રાષ્ટ્રપતિ ભવન જઈ રહ્યા હતા

નવી દિલ્હી, તા. ૨૪

ખેડૂત આંદોલનના મુદ્દા પર ગુરૂવારના રોજ રાહુલ ગાંધીના નેતૃત્વમાં રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરી રહેલા કોંગ્રેસ નેતાઓની માર્ચને રોકી દેવાઈ જ્યાં પ્રિયંકા ગાંધીની આ દરમિયાન અટકાયત કરાઈ હતી. ત્યારબાદ થોડીકવારમાં છોડી દેવામાં આવ્યા હતા. રાહુલ ગાંધી કોંગ્રેસ સાંસદોની સાથે કિસાન આંદોલનના મુદ્દાનો ઉકેલ નીકાળવાની માંગણી સાથે રાષ્ટ્રપતિને આવેદન સોંપવા જઈ રહ્યા હતા. કેન્દ્રના કાયદાની વિરૂદ્ધ લગભગ એક મહિનાથી હજારોની સંખ્યામાં ખેડૂત દિલ્હીની સરહદો પર પ્રદર્શન કરી રહ્યા છે.




કોંગ્રેસે કહ્યું કે રાહુલ જે મેમોરેન્ડમ રાષ્ટ્રપતિને આપી રહ્યા છે તેના પર લગભગ બે કરોડ હસ્તાક્ષર છે. આ મેમોરેન્ડમમાં રાષ્ટ્રપતિને ખેડૂતોના મુદ્દા પર દખલ કરવાની માંગણી કરી છે. રાહુલ ગાંધીની સાથે પ્રિયંકા ગાંધી વાડ્રા અને બીજા વરિષ્ઠ નેતા પણ હતા, રાહુલ ગાંધીએ કહ્યું, અમે રાષ્ટ્રપતિને કહ્યું છે કે આ કાયદા દ્વારા ખેડૂતોને નુકસાન થવાનું છે. દેશ જોઈ રહ્યો છે કે ખેડૂત કાયદાની વિરુદ્ધ ઉભો છે. હું વડા પ્રધાનને કહેવા માંગુ છું કે ખેડૂત હટશે નહીં, જ્યાં સુધી કાયદો પાછો નહીં લો ત્યાં સુધી પાછા જશે નહીં. રાહુલ ગાંધીએ કહ્યું કે, સરકારે સંસદનું સંયુક્ત સત્ર બોલાવવું જોઈએ અને આ કાયદાઓને તાત્કાલિક પાછા લેવા જોઈએ. રાહુલે કહ્યું કે આજે ખેડુતો દુઃખી અને વેદનામાં છે, કેટલાક ખેડુતો પણ મરી ગયા છે.




★૨૪ કલાક પાણીની સુવિધા
★CCTV સાથે વિશાળ પાર્કીંગની સુવિધા
★લિફ્ટની સુવિધા

**2 BHK & 3 BHK**
**Luxurious Apartment**

સ્થળઃ- "નિલકંઠ વિલા", પ્લોટ નં.૩૯૭, ૨૧/૩૦ નમસ્તે સર્કલની બાજુમાં, સેક્ટર-૩૦, ગાંધીનગર.

Contact : Mahendrasinh Rana - 98246 99999 | Samir Vadia - 98983 13737

RERA REG.NO.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA07668/101120 | www.gujrera.gujarat.gov.in

We are one of the best creative media marketing company in Gujarat with peerless quality service in your budget.

- Hoardings (National & International)
- Airport Branding (National)
- Railway Station Branding
- In flight branding
- TV Channerls & Theatre
- Short Films
- Videos & Photography
- PR Activites
- FM Radia
- Magazine (National & International)
- Mobile (Ringtones & Banners)

VIBRANT WAY
media solution

Vibrantway.Gujarat@gmail.com
Contact : 98985 91256